# શ્રી ડી.પી.પુંજાણી, કામદાર વળતર ધારા હેઠળના કમિશ્નર, મજુર અદાલત નં–૧ ભરૂચ સમક્ષ

**વ.કો.ડીસ્ટ્રીબ્યુશન નં–૧૮/૨૦૨૬**

**અરજદાર** : આલ્કેમી ફાઈનકેમ પ્રા. લી.,
૩૦૧, સાયખા જી.આઈ.ડી.સી.,
જુનેદ ગામ, તા. વાગરા, જી. ભરૂચ.

**–:– વિરૂધ્ધ –:–**

**સામાવાળા** : ગુજરનાર દિગ્વિજયસિંહ રાજેન્દ્રસિંહ રણાના આશ્રિતો
(૧) રાજેન્દ્રસિંહ નાગજીબાવા રણા (ગુજ.ના પિતા)
(૨) કુમુદબેન રાજેન્દ્રસિંહ રણા (ગુજરનારના માતા)
(૩) દર્શનાબેન દિગ્વીજયસિંહ રણા(ગુજ.ની પત્ની)
(૪) રાજવી દિગ્વીજયસિંહ રણા (ગુજરનારની પુત્રી)
**તમામ રહે:** ૯૦, લુહાર ફળીયું, અમલેશ્વર,
વીટીસી ભાડભૂત, મક્તમપુર,
અમલેશ્વર, તા. જી. ભરૂચ.

**હાજર રહ્યા** : અરજદાર તરફે વકીલશ્રી ડી. જે. જોષી.
સામાવાળા તરફે પ્રતિનિધિશ્રી ડી.એસ. જોગ.

## –:– આંક–૧૪ ની અરજી આધારે સુધારા હુકમ –:–

(૧) હાલના કામમાં નામ. અદાલત દ્વારા ગુજરનારના આશ્રિતોને વળતરની રકમની વહેંચણીનો હુકમ તા.૨૩–૦૪–૨૬ ના રોજ કરવામાં આવેલ તેમાં ગુજરનારના આશ્રિતમાં અનુ. નં–૪ ગુજરનારના સગીર પુત્રી રાજવી, ઉ.વ. ૦૩ છે જેથી તેઓ સગીર વયના હોઈ તેથી તેઓને એકાઉન્ટ પેયી ચેકથી ફાળવવામાં આવેલ રકમને ફીક્સ ડીપોઝીટમાં એકત્ર કરવા અરજ કરતાં તે અરજી આધારે કરવામાં આવેલ હુકમ મુજબ નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

## –:– આખરી હુકમ –:–

| અ. નં. | આશ્રિતોનું નામ | ફાળવેલ રકમ રૂ. | એકા.પેઇ ચેકથી આપવાની રકમ રૂ. | એફ.ડી.માં રોકવાની રકમ રૂ. | મુદત/ વર્ષ/ માસ |
|---|---|---|---|---|---|
| ૧ | રાજેન્દ્રસિંહ | ૩,૮૬,૧૫૬ | ૫૬,૧૫૬ | ૩,૩૦,૦૦૦ | પાંચ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | નાગજીબાવા રણા તે ગુજરનારના પિતા, ઉ.વ.૬૧ | | | | વર્ષ |
| ૨ | કુમુદબેન રાજેન્દ્રસિંહ રણા તે ગુજરનારના માતા, ઉ.વ.૫૪ | **૩,૮૬,૧૫૬** | **૫૬,૧૫૬** | **૩,૩૦,૦૦૦** | પાંચ વર્ષ |
| ૩ | દર્શનાબેન દિગ્વીજયસિંહ રણા તે ગુજ. ના પત્ની,ઉ.વ. ૨૮ | **૩,૮૬,૧૫૭** | **૫૬,૧૫૭** | **૩,૩૦,૦૦૦** | પાંચ વર્ષ |
| ૪ | રાજવી દિગ્વીજયસિંહ રણા તે ગુજ. ની સગીર પુત્રી, ઉ.વ. ૦૩ | **૩,૮૬,૧૫૬** | **–** | **૩,૮૬,૧૫૬** | પુખ્ત થતાં સુધી |
| | | **૧૫,૪૪,૬૨૫** | **૧,૬૮,૪૬૯** | **૧૩,૭૬,૧૫૬** | |

(૧) આશ્રિતોને એ.સી. પેઇના ચેકથી ચુકવવાની થતી રકમ યોગ્ય ઓળખાણ અને ધોરણસરની પહોંચ લઇ ચુકવવી.

(૨) એફ.ડી. માં રોકવાની થતી રકમ રાષ્ટ્રિયકૃત બેંકમાં સામાવાળા આશ્રિત તથા કમિશ્નરના સંયુક્ત નામે રોકવી. બેંકે એફ.ડી. ની અસલ રસીદ આશ્રિતોને સોંપવી તથા તેની ઝેરોક્ષ નકલ અત્રેની કચેરીમાં રજુ કરવી.

(૩) એફ.ડી. માં રોકેલ રકમ ઉપર બેંકે કોઇ લોન કે ધિરાણ કોર્ટના હુકમ વગર કરવું નહિં તેવો હુકમ કરવામાં આવે છે અને તે બાબતની યાદી બેંકને પાઠવવી.

(૪) હાલના હુકમ મુજબ કરવામાં આવેલ એફ.ડી. નું મળવાપાત્ર થતું ત્રિમાસીક વ્યાજ બેંકે સામાવાળા આશ્રિતોને બારોબાર ચુકવી આપવાનું રહેશે.

(૫) આશ્રિત નં-૪ કે જેઓ સગીર હોઈ જેથી તેઓને ચુકવવાની થતી વ્યાજની રકમ તેમના માતા આશ્રિત નં-૩ ને ચુકવવી.

(૬) સદર કામે અકસ્માત વળતરની રકમ રૂ.૧૫,૪૪,૬૨૫/- ની નામ. કોર્ટ દ્વારા એફ.ડી. કરવામાં આવેલ છે તે એફ.ડી. ઉપર જમા થયેલ વ્યાજની રકમ આ કામના આશ્રિત નં-૧, આશ્રિત નં-૨ તથા આશ્રિત નં-૩ ને સરખા હિસ્સે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) એફ.ડી. ની મુદત પુરી થયે જો પક્ષકાર નાણા ઉપાડવા ન આવે તો એફ.ડી. વધુ એક વર્ષ માટે ઓટો રીન્યુ કરવી અને નિયમોનુસાર વ્યાજનું ચુકવણું કરવું.

(૮) હુકમ આજરોજ તા.૨૭-૦૪-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

**તારીખઃ ૨૭/૦૪/૨૦૨૬**
**સ્થળઃ ભરૂચ**

**(દેવેશ પ્રદ્યુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**કામદાર વળતર ધારાના કમિશ્નર**
**મજુર અદાલત નં-૧, ભરૂચ**

નયના કે. પ્રાંકડા, સ્ટેનોગ્રાફર